# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

20/08/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-1

### રાજપારડીના સરકારી કોન્ટ્રાક્ટર, માજી સરપંચ સહિત મોટા માથાનો ૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત

# રાજપારડીમાં શ્રાવણિયો જુગાર રમતા ૧૦ ખેલી ઝબ્બે

## સપાટો | એક લાખની રોકડ રકમ, ૨૩ લાખની વૈભવી કાર પોલીસે જપ્ત કરી કાર્યવાહી કરી

। ઝઘડિયા । રાજપારડી ।

હાલમાં જ રાજપારડી ખાતે બદલી પામેલા પોસઈ જાદવે ગઈ કાલના રોજ ઝઘડિયા તાલુકાનો સૌથી મોટો શ્રાવણીયો જુગાર ઝડપી પાડ્યો હતો. પોસઈ જાદવને મળતી બાતમીના આધારે પોલીસે રાજપારડી નેત્રંગ રોડ ઉપર આવેલી એક ઓફિસમાં દરોડો કર્યો હતો. જેમાં સરકારી કોન્ટ્રાક્ટર, ઉમલ્લાના માજી સરપંચ જેવા મોટા માથા સહિત દસ ખેલીઓ ૯૯,૮૨૦ ની રોકડ રકમ સાથે જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે રોકડ, મોબાઈલ અને વાહનો મળી કુલ ૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીયાઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગઈ કાલના રોજ ઝઘડિયા તાલુકાનો સૌથી મોટો શ્રાવણીયો જુગાર ઝડપાયો હતો. રાજપારડી પોસઈ તરીકે એક જ દિવસ પહેલા હાજર થયેલા જે.બી.જાદવે તાલુકાનો સૌથી મોટો જુગાર ઝડપી પાડ્યો હતો. પોસઈ જાદવને મળેલી બાતમીના આધારે પોલીસ કાફલાએ રાજપારડીથી નેત્રંગ રોડ ઉપર આવેલી અમી કન્ટ્રક્શનના નામે આવેલી ઓફિસ ઉપર દરોડા કર્યા હતા. પોલીસ દરોડા દરમિયાન સરકારી કોન્ટ્રાક્ટર દિનેશ રાવત, ઉમલ્લા ગામના માજી સરપંચ દિનેશ વસાવા, ભાલોદના રમેશ માછી જેવા મોટા માથા સહિત દસ ખેલીઓ જુગાર રમતા ઝડપાયા હતા.

રાજપારડી પોલીસ દરોડા દરમિયાન જુગારીયાઓ પાસેથી ૯૯,૮૨૦ ની રોકડ, ૧૨ નંગ મોબાઈલ કિંમત ૫૧,૫૦૦, ત્રણ બાઈક કિંમત ૫૦ હજાર અને ચાર વૈભવી ફોર વ્હિલર કાર કિંમત ૨૩ લાખ મળી કુલ ૨૫,૦૧,૩૨૦ ના મુદ્દામાલ સાથે દસ ખેલીઓની ધરપકડ કરી હતી. રાજપારડી પોલીસે તમામ જુગારીયાઓની ધરપકડ કરી તેમની વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


Reliance Foundation — જીલ્લા રોજગાર કચેરી નર્મદા

ઉમેદવારશ્રી, જીલ્લા રોજગાર કચેરી, નર્મદા અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા રોજગાર અંગે સંદેશ,
જીલ્લા રોજગાર કચેરી, નર્મદા દ્વારા આપને જણાવવામાં આવે છે કે તારીખ-૨૧/૦૮/૨૦૧૮ મંગળવાર ના રોજ રોજગાર / એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.
ભરતીમેળાનું સ્થળ:- શ્રીજી કૃપા સ્પીનર્સ પ્રા.લી. ભરૂચ-અંકલેશ્વર રોડ મુ.પો-આમલેથા તા.નાંદોદ જી.નર્મદા
ભરતીમેળા તારીખ:- ૨૧/૦૮/૨૦૧૮
ભરતીમેળાનો સમય :- સવારે ૧૦:૦૦ કલાકે
શૈક્ષણિક લાયકાત :- ધો.૮ પાસથી ગ્રેજ્યુએટ/આઇ.ટી.આઇ ઓલ ટ્રેડ.
વધુ માહિતી માટે રિલાયન્સ ફાઉન્ડેશન ના ટોલ ફ્રી હેલ્પ લાઇન નંબર 1800 419 8800 પર સંપર્ક કરવા વિનંતી.

રિલાયન્સ ફાઉન્ડેશન ઈન્ફોર્મેશન સર્વિસીસ
વધુ માહિતી માટે સંપર્ક કરો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૧૯ ૮૮૦૦




### જુગારિયાઓને બચાવવા રાજકીય અગ્રણીઓના ધમપછાડા

ઝડપાયેલા મોટા માથા ગણાતા એવા જુગારીયાઓને બચાવવા રાજકીય આગેવાનોએ પોલીસ મથકે ભારે ધમપછાડા કર્યા હતા. ઉપરાંત રાજકીય આગેવાનોએ પત્રકારોને પણ લાકડીથી મારવાની ધમકીઓ આપી હતી. જો કે ડીવાયએસપી ની સુચના હેઠળ તમામ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

### પોલીસે ઝડપી પાડેલા જુગારીયાઓ

૧. દિનેશ અવલસિંગ રાવત રહે.નેત્રંગ રોડ, રાજપારડી
૨. રમેશ અવલસિંગ રાવત રહે.ઉમિયા નગર, રાજપારડી
૩. હેમંત મફતાભાઇ પાદરીયા રહે.રાજપારડી
૪. જીજ્ઞેશ મફતાભાઇ પાદરીયા રહે.સ્ટેશન રોડ, રાજપારડી
૫. કિરણસિંહ નારસિંહ કેસરોલા રહે.માધવપુરા, રાજપારડી
૬. ઇન્દ્રજીતસિંહ ધુળસિંહ કેસરોલા રહે.માધવપુરા, રાજપારડી
૭. રવિન્દ્ર મહેન્દ્રભાઇ રાઠવા રહે.શીવ દર્શન સોસાયટી, રાજપારડી
૮. રમેશ ઝીણાભાઇ માછી રહે.માછીવાડ, ભાલોદ, તા.ઝઘડિયા
૯. દિનેશ સોમાભાઇ વસાવા ઉંવ.૪૦, ખખરીપુરા, તા. ઝઘડિયા
૧૦. સપન વિરેન્દ્રભાઇ પટેલ રહે. રાજપારડી

21/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATGUARDIAN PAGE-7

# અંકલેશ્વરના હરિનગરમાં ૪૫ હજારના વિદેશી દારૂ સાથે એક બુટલેગરની અટક

**અંકલેશ્વર:** ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચનાથી જિલ્લામાં પ્રોહિબિશન, જુગારની અસામાજિક પ્રવૃત્તિઓને ડામવા મુહીમ ચલાવાઇ રહી છે. જેમાં જિલ્લામાં ઢગલેબંધ દારૂ અને જુગારીઓને ઝબ્બે કર્યા છે. જિલ્લા પોલીસ વડાના આદેશને અનુસરી અંકલેશ્વર શહેર પોલીસ શહેરની એક સોસાયટીમાંથી રૂપિયા ૪૫,૬૦૦ના વિદેશી દારૂ સાથે એકની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર શહેર પોલીસે કોમ્બિંગ નાઇટ દરમિયાન મળેલી બાતમીના આધારે વિભાગીય પોલીસ વડા એલ. એ. ઝાલાના માર્ગદર્શન હેઠળ હરિનગર સોસાયટીમાં મકાન નંબર 33 પર પોલીસના પ્રોહિબિશન વિભાગે રેઇડ કરી હતી. રેઇડ દરમિયાન આ મકાનમાંથી ગેરકાયદે વેચાણ અર્થે રખાયેલી અલગ-અલગ બ્રાન્ડની, નાની-મોટી વિદેશી દારૂની બોટલો તેમજ બિયર નંગ ૩૧૨ મળી કુલ કિંમત રૂપિયા ૪૫,૬૦૦નો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે મકાનમાં રહેતા રહીશની ધરપકડ કરી નશાબંધીની વિવિધ ધારાઓ હેઠળ ગુનો નોંધી કાયદેસરની હાથ ધરી છે.

21/08/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-3

# ઝઘડિયાના ઓરપટાર ગામેથી દેશી દારૂ સાથે બે બૂટલેગર ઝડપાયાં

| રાજપારડી |

ઝઘડિયા તાલુકાના રાજપારડી પંથકમાં દેશી અને વિદેશી દારૂનો વેપલો કરતા બૂટલેગરો બેફામ બનતા રાજપારડી પોલીસે દારૂનો વેપલો કરતા બૂટલેગરો પર ફંદો કસ્યો હતો. રાજપારડી પાસેના ઓરપટાર ગામેથી દેશી દારૂ સાથે બે બૂટલેગરોની અટકાયત કરીને ૧૬ હજાર ઉપરાંતનો મુદ્દામાલ ઝડપી પાડયો છે. રાજપારડી પોલીસ સ્ટેશનમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર પીએસઆઈને બાતમી મળેલ હતી કે, ભાલોદ ગામનો શાંતિલાલ ચીમનભાઈ વસાવા તેની મોટર સાયકલ ઉપર સાથે તેનો ભત્રીજો અજય રમેશ વસાવા ઓરપટાર ગામેથી દેશી દારૂ ગાળીને ભાલોદ ગામે આવે છે.

બાતમીના આધારે પોલીસના જવાનોએ સ્થળ ઉપર વોચ ગોઠવી હતી. તે દરમિયાનમાં ભાલોદ જીઈબી સબ સ્ટેશન પાસે અટકાવીને તપાસ કરતા પોટલીઓમાં દેશી દારૂ જણાયો હતો.

22/08/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-2/8

## બે આરોપીને પકડી કાર્યવાહી હાથ ધરાઈ

# હાંસોટ તા.ના અંભેટા ગામે બે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

। હાંસોટ ।

હાંસોટના અંભેટા ગામ નજીક બે કારમાંથી રૂપિયા ૩૪૫૬૦ની કિંમતનો દારૂ પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલીસ વડાની સૂચનાને આધારે આજરોજ હાંસોટ પો.ઈ. ધર્મેન્દ્રસિંહ ચૌધરીને મળેલી બાતમીના આધારે કોઈ સફેદ કલરની મારૂતીવાન અંભેટા નજીક વિદેશી દારૂની ડિલીવરી આપવા માટે આવનાર છે. જેથી હાંસોટ પો. સ્ટેના દિપકભાઈ, ભૂરાભાઈ, બળવંતભાઈ, વિનોદભાઈ, વિરપાલસિંહ વગેરેના પોલીસના માણસોએ વોચ ગોઠવી સફેદ કલરની વાન જીજે-૧૬-સીબી-૧૩૪૦ને રોકીને તપાસ કરી હતી. જેમાં ૧૮૦ મિમીની ૩૮૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જયારે તુરત જ સફેદ કલરની અલ્ટો ગાડી નં. જીજે-૧૬-બીજી ૫૪૯૭ને પણ રોકી તપાસ કરી ચાલક કૈલાશ ગોપીજી ગુર્જર હાલ નવાવરીય મુળ રહેવાસી રાજસ્થાન તથા અન્ય અલ્ટો ગાડીની ચાલક બુટલેગર સુખલાલ પન્નાલાલ ગુર્જર રહે. વધવાણ તા. હાંસોટને ઝડપી પાડ્યો હતો. આ આરોપીઓ વાપી પોલીસના ચોપડે પણ વોન્ટેડ જાહેર થયેલ છે. સીમ વિદેશી દારૂની રૂ. ૩૪૫૬૦, મારૂતીવાન રૂ. ૨,૨૫,૦૦૦, અલ્ટો કાર રૂ. ૧,૫૦,૦૦૦ મળી કુલ આશરે ૪ લાખ ૧૦ હજારના મુદામાલ કબજે કર્યો છે.

23/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATGUARDIAN PAGE-9

# અંકલેશ્વરના હાઉસિંગ બોર્ડમાં જુગાર રમતી સાત મહિલા સામે પોલીસની કાર્યવાહી

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર શહેરના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં જુગાર રમતી સાત જેટલી મહિલાને શહેર પોલીસે ઝડપી પાડી ૬૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર શહેરના સુરતી ભાગોળ વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન નંબર-૮૦૯મા રહેતા દમયંતી સેજુ પોતાના મકાનમાં પાનાપત્તાનો જુગાર રમાડી રહી હોવાની બાતમી શહેર પોલીસને મળી હતી.

આથી પોલીસે દમયંતી સેજુ ના મકાન પર દરોડો પાડી જુગાર રમતી સાત મહિલાઓને ઝડપી પાડી હતી. પોલીસે દાવ પર મુકેલ રોકડા રૂપિયા ૫૮૦ અને અન્ય ૫૩,૭૦૦, સાત મોબાઈલ ફોન કિંમત રૂ. ૯૦૦૦ મળી કુલ રૂપિયા ૬૩,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલી મહિલાઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

23/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-5

# દહેજમાં ટેન્કરમાંથી કેમિકલની ચોરી કરતા ડ્રાઈવર સહિત બે રંગેહાથ ઝડપાયા

**પોલીસે** ૧૩ લાખનું કેમિકલ અને ટ્રક સાથે કુલ રૂા. ૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**ટેન્કરમાં** ખાલી સાઈડમાં વાલ્વ બોક્ષના સીલ તોડી કેમિકલની ચોરી કરાતી હતી



કેમિકલ ચોરી કરતા ઝડપાયેલો ડ્રાઇવર અને સાગરીત

ભરૂચ: દહેજ પોલીસે પેટ્રોલીંગ દરમિયાન કેમિકલ ચોરી કરતા બે શખ્સોને ૨૩ લાખના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તા.૨૧ની રાત્રિએ દહેજ પોલીસની ટીમ હાઈવે પર નાઈટ પેટ્રોલીંગમાં હતી. તે સમય દરમ્યાન મળેલી બાતમીના આધારે દહેજ ખાતે સેઝ-૧ સામેથી એક ટેન્કરનો ડ્રાયવર તખીયારામ પુરખારામ શેન રહે શેતરવા, શેરગઢ, જી. જોધપુર(રાજસ્થાન)નો પોતાના ટેન્કરમાં ખાલી સાઈડમાં વાલ્વ બોક્ષના સીલ તોડી તેમાંથી કેમિકલ ચોરી કરી રહ્યો હતો તેમજ કેબીન સ્થિત અમરસંગ ઈશ્વર ગોહિલ (રહે. ગોલાદરા, તા.વાગરાનાઓ કારબાઓમાં પાઈપ વાટે કેમીકલ ‘પાયરોલાયસીસ ગેસોલીન (પાઈગેસ)’ કાઢી રહ્યા હતા.

આશરે ૭૫ લીટર હોય તેની કિંમત રૂપિયા ૩૭૫૦નું કાઢતા તેમજ કેમીકલ ચોરી કરવાના સાધનો અને ટેન્કરની કિંમત રૂપિયા ૧૦,૦૦૦૦૦, તેમાં ભરેલા પાયરોલાયસીસ ગેસોલીન (પાઈગેશ) કિંમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦ સહિત કુલ કિંમત રૂપિયા ૨૩,૦૩,૭૫૦નો મુદ્દામાલ કબજે કરી બંને આરોપીની અટકાયત કરી કેમીકલ કયાંથી લવાયું અને કયા આપવાનું હતું. આ બાબતે તપાસ ચલાવી રહ્યા છે.

24/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-5

# અંકલેશ્વર GIDCમાંથી પાંચ જુગારીયા ઝડપાયા

## રૂપિયા ૮૫,૦૦૦

## ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંક્લેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીમાંથી પોલીસે શ્રાવણીયો જુગાર રમતા પાંચ જુગારીયાઓને ઝડપી પાડયા હતા અને રૂપિયા ૮૫,૦૦૦ ઉપરાંતનો મુદ્દામાલ પણ પોલીસે જપ્તકર્યો હતો. જીઆઈડીસી પોલીસ મથકનાં પીઆઈ આર.કે.ધુ રીયાએ ચોક્કસ બાતમીને આધારે નવદીપ કેમિકલ કંપની સામે રોડ ઉપર જાહેરમાં ચાલતી જુગારની મહેફિલ પર રેઈડ કરીને પાંચ જુગારીયાઓને ઝડપી લીધા હતા. પોલીસે જ્યોતિષે જામસિંહ ગીરાસે રહે. કોસમડી, શિવાજી રાજારામ માલી રહે. કોસમડી, અનિલ મોતીલાલ ચૌધરી રહે. ભડકોદ્રા, પાટીલ સુ નિલ હાલ રહે, ગજાનન સોસાયટી, કોસમડી, સોનુ ભાઈ તોતારામ એડવે, રહે, કોસમડીની પાસેથી અંગજડતીમાં રૂપિયા ૧૧,૦૦૦ જ્યારે દાવ ઉપર લાગેલા રૂપિયા ૧૦૩૦ તથા મોબાઈલ નંગ ૫ કિંમત રૂપિયા ૮૯૦૦ તથા મોટરસાઈકલ એક કિંમત રૂપિયા ૧૫૦૦૦, એક પિયાગો ટેમ્પો કિંમત રૂા.૫૦,૦૦૦ એમ કુલ મળીને ૮૫,૯૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્તકરી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

25/08/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-3/9

## વાલિયાની સીલુડી ચોકડી પાસેથી

# અખાદ્ય ગોળના ડબ્બા ભરેલો ટેમ્પો ઝડપાયો

। વાલિયા ।

વાલિયા પોલીસે સીલુડી ચોકડી પાસે પેટ્રોલિંગ દરમિયાન અખાદ્ય ગોળના ડબ્બા ભરેલ ટેમ્પા સાથે એક ઈસમની અટકાયત કરી કુલ ૨ લાખ ૨૭ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાલિયા પોલીસ મથકના પોલીસ કર્મીઓ રાત્રી પેટ્રોલીંગમાં હતાં. આ દરમિયાન સિલુડી ચોકડી પાસે વાહન ચેકિંગ હાથ ધરતાં અંકલેશ્વર તરફથી એક ટેમ્પો નંબર જીજે ૫ એઝેડ ૯૦૮૪ આવતા તેને રોકી ચાલકની પૂછપરછ કરતાં તે સિલુડી ચોકડી પાસેની રુદ્રાક્ષ રેસીડેન્સીમાં રહેતો ગોપાલ ભોંમાં ગુર્જર હોવાનું જણાવ્યું હતું. વાલિયા પોલીસે ટેમ્પામાં તપાસ કરતાં અખાદ્ય ગોળ ભરેલા ડબ્બા મળી આવ્યા હતાં.

પોલીસે ગોપાલ ગુર્જરની અટકાયત કરી ૭૭ હજાર ૫૦૦ની કિંમતના અખાદ્ય ગોળના ૧૨૪ ડબ્બા અને ૧ લાખ ૫૦ હજારની કિંમતનો ટેમ્પો મળી કુલ ૨ લાખ ૨૭ હજારનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ૨.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

25/08/2018 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-3/9

## DSP ની ટ્રાફીક નિવારણ માટે ૪૫ જવાનોની અલગ ટ્રાફિક શાખા

# ભરૂચ-અંકલેશ્વરમાં ટ્રાફિક ટાસ્કફોર્સની રચના

**ટ્રાફિક નિયમન** બંને શહેરોના તમામ મુખ્ય પોઈન્ટ પર હવે ટ્રાફિક ફોર્સ ફરજ બજાવશે

| ભરૂચ |

ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં વિવિધ પોઈન્ટો પર વિકટ બની રહેલી ટ્રાફીકની સમસ્યાના નિરાકરણ માટે ભરૂચ જિલ્લા પોલીસવડા દ્વારા ટ્રાફીક ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. ભરૂચમાં ૨૫ અને અંકલેશ્વરમાં ૨૦ મળી કુલ ૪૫ જવાનોનો ટ્રાફીક શાખાની રચનામાં સમાવેશ કરાયો છે જેઓ હવે શહેરના વિવિધ પોઈન્ટો પર ફરજમા તહેનાત રહી ટ્રાફીકને ચેતનવંતો રાખવા કાર્યરત રહેશે.

ભરૂચ જિલ્લા પોલીસવડા રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ભરૂચ અને અંકલેશ્વર શહેરની ટ્રાફીકની જટિલ સમસ્યા નિવારવા બંન્ને શહેરોમાં ટ્રાફીક શાખાની રચના કરવામાં આવી છે.

ભરૂચ શહેરમાં ટ્રાફીક શાખાની રચનામાં એ, બી, સી, મહિલા પોલીસ, રાજપારડી, વાગરા, તાલુકા અને જિલ્લા ટ્રાફીકના ૨૫ જવાનોનો સમાવેશ કરાયો છે. જયારે અંકલેશ્વરમાં સીટી, એ, આમોદ, જીઆઈડીસી, રૂરલ, નેત્રંગ, રાજપારડી અને જિલ્લા ટ્રાફીકના ૨૦ જવાનોની ટ્રાફીક શાખામાં ફરજ સોંપણી કરવામાં આવી છે. ભરૂચમાં ૨૫ જવાનોની બનાવાયેલી ટ્રાફીક ટાસ્કફોર્સ શહેરના લીંકરોડ, એબીસી ચોકડી, દહેજ બાયપાસ, શકિતનાથ, પાંચબત્તી, સ્ટેશન, શિતલસર્કલ, તુલસીધામ, ઝાડેશ્વર ચોકડી, મહમદપુરા, મદીના હોટલ, જંબુસર બાયપાસ પર ફરજ પર તહેનાત રહી ટ્રાફીક નિયમનની કામગીરી કરાવશે.



જયારે અંકલેશ્વરમાં ૨૦ પોલીસની ટીમ ભરૂચી નાકા, ચૌટા નાકા, પીરામણ નાકા, સર્કલ ત્રણ રસ્તા, શાકમાર્કેટ, પ્રતિન ચોકડી, વાલીયા ચોકડી, મહાવીર ટર્નીંગ, ગડખોલ પાટીયા, ગોલ્ડન બ્રિજ, રાજપીપળા ચોકડી, મુલદ ચોકડી, ટોલટેક્ષ, રાજપીપળા ચોકડી, સરદાર પાર્ક, કાપોદ્રા પાટીયા પર ફરજ પર રહી ટ્રાફીકને ચેતનવંતો રાખશે. બંન્ને શહેરમાં કુલ ૪૫ પોલીસ કર્મીઓની બનાવાયેલી ટ્રાફીક બ્રિગેડ હવે ટ્રાફીક શાખાના પો.સ.ઈ.ની સુચના મુજબ શીપ વાઈઝ ટ્રાફીક નિયમની કામગીરી તેમની ફાળવેલા પોઈન્ટ ઉપર કરવાની રહેશે.

25/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-5

# સીસીટીવીના આધારે રાજકોટથી ચોરની ધરપકડ, રૂા. ૧૮.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત

## **પોલીસે** આર.આર.સેલની મદદથી તસ્કરને ઝડપી લેતા પૂછપરછમાં ગુનાની કબૂલાત કરી

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં આવેલી આઇસીઆઇસીઆઇ બેન્કમાં થયેલી રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલવામાં ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચને સફળતા મળી છે. પોલીસે રાજકોટ આર.આર.સેલની મદદ વડે આરોપીને રાજકોટના ફરેણી ગામેથી ઝડપી પાડી તેની પાસે ચોરી કરાયેલી રોકડ જપ્તકરી, તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર શહેરની આઇસીઆઇસીઆઇ બેન્કની ચોરીનો ભેદ ઉકેલવા ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજ તથા ટેકનીકલ સર્વેલન્સ માટે અલગ-અલગ ટીમો બનાવી બનાવની સી.સી.ટીવી. ક્લીપ પોલીસના સોશ્યલ ગૃપોમાં શેર કરી હતી. દરમિયાન રાજકોટની આર.આર. સેલની ટીમ મારફતે સીસીટીવી ફૂટેજમાં દેખાતો શંકાસ્પદ શખ્સ રાજકોટના જ ફરેણી ગામનો હોવાનું જણાતા ભરૂચ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓની ટીમ તાત્કાલિક રાજકોટના ફરેણી રવાના થઈ હતી. જયાં તપાસ કરતા ફૂટેજમાં દેખાતો શખ્સ નજરે પડતા તેને તપાસ માટે ભરૂચમાં લાવી, તેની સઘન પુછતાછ હાથ ધરતા તેનું નામ અમીત ગોપાલભાઇ ભેંસાણીયા (રહે.મૂળ ફરેણી ગામ, ધોરાજી, હાલ પ્રભાત ચોક, અમદાવાદ) હોવાનું અને અંકલેશ્વરથી બેન્કમાંથી રૂપિયાની ઉઠાંતરી કર્યાનું કબુલ્યું હતું. પોલીસે અમીત ભેંસાણીયા પાસેથી રોકડા રૂપિયા ૧૫,૨૪,૫૦૦, સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૨૫,૫૮૨, સોની પાસે જમા કરાવેલા રૂપિયા ૨૫,૦૦૦ની કિંમતના દસ્તાવેજો, મોબાઇલ કિંમત રૂપિયા ૫૦૦૦, એક બાઇક કિંમત રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૮,૯૫,૦૮૨નો મુદ્દામાલ કબજે કર્યો હતો.



અંકલેશ્વરની બેંકમાં ચોરી સમયના સીસી ફૂટેજ.

### એક સપ્તાહથી અમદાવાદથી અંકલેશ્વર આવી બેંકોમાં વોચ રાખતો હતો

પોલીસની કડક પુછપરછ દરમિયાન આરોપી અમીત ભેંસાણીયા ચોરીને અંજામ આપ્યાના અઠવાડિયા પહેલાથી દરરોજ અમદાવાદથી ટ્રેન મારફત અંકલેશ્વરમાં આવી, અલગ-અલગ બેન્કોમાં જઈ મોબાઇલ ફોન ઉપર વાત કરવાનો ઢોંગ કરી બેન્કના કર્મચારીઓની હરકત ઉપર ધ્યાન રાખી તેમની નજર ચૂકવી ચોરીને અંજામ આપતો હોવાનું પણ કબુલ્યું હતું.

### અગાઉ પણ અમદાવાદ અને સુરતમાં ચોરીના ગુનામાં જેલની હવા ખાઈ ચૂકયો છે

રીઢો ગુનેગાર અમીત ભેંસાણિયા આ અગાઉ પણ બે વર્ષ પૂર્વે અમદાવાદ શહેર યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં લેપટોપ ચોરીના ગુનામાં તેમજ એક વર્ષ પહેલા સુરત શહેરમાંથી બાઇક ચોરીના ગુનામાં સંડોવાયેલો છે.

25/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-5

# ફેક એકાઉન્ટ બનાવી પરિણીતાને પજવતો રોમિયો ઝડપાયો

**ગજેન્દ્રસિંગે** નવ જેટલા બોગસ એફબી એકાઉન્ટ બનાવ્યાનું કબુલ્યું

ભરૂચ: ભરૂચમાં ફેસબુક પર પરિણીત મહિલાનું ફેક એકાઉન્ટ બનાવી તેના પર તેના ફોટાઓ મૂકી મહિલાને બદનામ કરવાના ઈરાદે ફેસબુક એકાઉન્ટ બનાવનાર યુવાનને ભરૂચના સાઈબર ક્રાઈમ વિભાગે આઈ.પી. એડ્રેસના આધારે શોધી તેની ધરપકડ કરી હતી.

મૂળ ઉત્તરાખંડના ચંપાવત જિલ્લાના દાંડા ગામનો ગજેન્દ્ર ભૂપસિંહ



છેલ્લા કેટલાક સમયથી ભરૂચની રચના નગર સોસાયટીમાં રહે છે. ગજેન્દ્રએ ભરૂચની એક પરિણિતાને બદનામ કરવાના ઈરાદે તેનું ફેક એફ.બી.એકાઉન્ટ બનાવ્યું હતું. આ એકાઉન્ટ પર મહિલાના ફોટાઓ મૂકી એફ.બી.ના મેસેન્જર પર બિભત્સ હરકતો કરી હેરાન કરતો હતો. આ અંગે મહિલાના પતિને તેણીએ જાણ કરતા તેણે ભરૂચના એ-ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. જેની તપાસ ભરૂચ પોલીસના સાઈબર વિભાગને સોંપવામાં આવી હતી. સાઈબર સેલની ટીમે ફેસબુક એકાઉન્ટના આઈ.ડી. મંગાવી આઈ.પી. એડ્રેસના આધારે ગજેન્દ્રને શોધી કાઢયો હતો અને તેની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. ગજેન્દ્ર ભૂપસિંગની પૂછતાછમાં તેણે નવ જેટલા ખોટા એફ.બી. એકાઉન્ટ બનાવ્યા હતા અને આ એકાઉન્ટ બનાવી મહિલાઓને બદનામ કરવામાં તેને મજા આવતી હોવાની કબૂલાત કરી હતી.

25/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-5

# અંકલેશ્વર પોલીસને મળેલી બાળકીને તેના પિતાને સોંપાઇ



અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના પીરામણ ગામની આશરે ૧૦ વર્ષીય પુત્રી ગુમ થતા, આ છોકરી એસટી ડેપો પાસેથી શહેર પોલીસ સ્ટેશનના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન મળી આવી હતી. જેની પૂછતાછ કરતા જ કશું બોલી શકતી ન હતી પરંતુ બપોર સુધીમાં શહેરના સ્ટેશન વિસ્તારના જમાદાર ઉત્તમભાઈ પટેલે ભારે જહેમત બાદ વિક્રમભાઈ લાલજીભાઇ ઠાકોર રહે, પીરામણ સ્કૂલ ફળિયાની પૂછતાછ કરતા પિતાએ જણાવ્યું હતું કે મારી પુત્રી ઉંમર ૧૦ વર્ષીય પાયલ ઉર્ફે મુસ્કાન હોવાનું જણાવતાં જ પુત્રી તેની હોવાનું જણાતા, સહી-સલામત પુત્રીને સોંપવામાં આવી હતી. શહેર પોલીસની કામગીરીને બિરદાવાઇ હતી.

26/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-5

# ઘરફોડ ચોરી કરતી મારવાડી ગેંગ ઝડપાઈ

## **વાલિયા** ચોકડી નજીકના શોપિંગની દુકાનમાં આ ગેંગેને ઘાપ મારી હતી



અંકલેશ્વર, ભરૂચ: ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા અને ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાંચના પીઆઈ સુનિલ તરડેના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર વાલિયા ચોકડી વિસ્તારમાં લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી, શંકાસ્પદ જણાતી મારૂતિ વાનને રોકતા અંકલેશ્વરમાં અલગ અલગ સ્થાનો ઉપર ઘરફોડ ચોરીઓને અંજામ આપનાર ૨ શખ્સોને ચોરી કરવાના સાધનો અને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. તેઓની પૂછપરછમાં તેઓની ગેંગ ના વધુ એક આરોપીની અટકાયત કરવામાં આવી હતી. અંકલેશ્વરના સ્ટેશન રોડ પરના શોપિંગ સેન્ટરની દુકાનમાં તેમજ વાલિયા ચોકડી નજીકના શોપિંગની દુકાનમાં આ ગેંગના સભ્યોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાની પ્રાથમિક વિગતો તેઓને પોલીસ સકંજામાં લીધા બાદ જાણવા મળી હતી.

હાલ લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમે ૨ લાખ ૯૨ હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે અંકલેશ્વરની ચિત્રકૂટ સોસાયટી વિસ્તારમાં રહેતા જગદીશ ઘીસારામ જાટ તેમજ જગારામ ઉર્ફે ખાડિયા જાટ રહે.ચિત્રકૂટ સોસાયટી, અંકલેશ્વર તેમજ મોહનલાલ હીરાજી જાટ રહે, કોસંબાની ધરપકડ કરીને તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

26/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-8

# નેત્રંગના અરેઠીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે મહિલા બુટલેગર ઝડપાઈ

નેત્રંગ: નેત્રંગ તાલુકાના અરેઠી ગામના પંચાયત ફળીયામાં રહેતી નર્મદાબેન સુરેશભાઈ વસાવાના ઘરમાં અનધિકૃત વિદેશી દારૂનો જથ્થો હોવાની બાતમી પોલીસને મળી હતી.

જેથી પોલીસે રેડ કરતાં મહિલાને ત્યાંથી વિદેશી દારૂની ૬૭૮ નંગ બોટલ સહિતનો કિંમત ૬૯,૬૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે નર્મદાબેનની ધરપકડ કરી દારૂ મગાવનાર નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ચીકદા ગામના અર્જુનભાઈ ગુરૂજીભાઈ વસાવા વિરૂધ્ધ ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

26/08/2018 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-8

# અંકલેશ્વરમાં આંગણવાડી અને પ્રાથમિક શાળામાં ચોરી કરતો રીઢો ચોર ઝડપાયો

**સામોર** સહિત અન્ય ૩ શાળામાં થયેલી ગેસની બોટલ ચોરીનો ગુનો ઉકેલાયો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે.ધુળીયાના માર્ગદર્શન હેઠળ તેમજ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાની મિલકત ગુના ઉકેલવા આપેલી સૂચના આધારે પી.એસ.આઈ. એમ.આર.શકોરીયા તેમજ ડી.એમ.પટેલ અને સ્ટાફે પીરામણ બ્રિજ નીચે સામોર સ્કૂલમાથી ચોરાયેલા ગેસ બોટલને વેચવા તસ્કર ફરી રહ્યો હોવાની બાતમીના



આધારે વોચ ગોઠવી હતી. જેમાં ઉમરવાડા નૂરનગરમાં રહેતા ૫૨ વર્ષીય અઠંગ ચોર ઈસ્માઈલ રહેમાન દીવાનને રંગેહાથે ઝડપી પાડી તેની પાસેથી ગેસની બોટલ પણ કબજે કરી હતી. જેની ઉલટ તપાસ કરતા પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજનમાં અને આંગણવાડીમાં થયેલા ગેસના બોટલ અને અન્ય સરસામાનની ચોરી કરી હોવાની કબૂલાત કરતા પોલીસે ૩ જેટલા ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો. આ ઉપરાંત રીઢો તસ્કર અગાઉ જીઆઈડીસી પોલીસ મથક તેમજ રૂરલ પોલીસ મથકમાં પણ ઘરફોડ ચોરીમાં પકડાયો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ દ્વારા અઠંગ ચોરના રિમાન્ડની તજવીજ આરંભી અન્ય ચોરીના ગુનામાં તેની સંડોવણી છે કે કેમ તે અંગે વધુ પૂછપરછ આરંભી હતી. પ્રાથમિક પૂછપરછમાં રીઢો તસ્કર મોટાભાગે શાળાઓને જ નિશાન બનાવતો હોવાનું પણ બહાર આવ્યું હતું.